| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૨૨/૦૬/૨૦૨૨ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૦૯/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૬ | ૪,૮૦,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# <u>પાસા અટકાયતની વિગત</u>

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

### આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-ર તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧) કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૩૨૨૦૩૭૭ /૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૬, ૩૭૬(૨)(N),૩૧૩ એટ્રોસીટી એકટ ૩(૨)(૫) ૩(૨) (૫-અ) ૩(૧)(W)(i)(ii) ૩(૧)(R) મુજબના વાહન ચોરી સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૬૨૨/૨૦૨૨ તા.૨૧/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે તા.૨૧/૦૬/૨૦૨૨ ના કલાકઃ૨૧/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**<u>આરોપીનું નામ:-</u>**

વિશાલ નવીનભાઇ વસોયા રહે.એ/૧૬,જીવનધારા સોસા. ડાયમંડ પાર્ક સોસા.ની બાજુમાં રતનપાર્ક નિકોલ રોડ અ'વાદ શહેર

**<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>**

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩

**<u>આરોપીનો ફોટો</u>**



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૧૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૭૮ વ્યક્તિઓને ઝડપી, ૬૨૪ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૭,૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૧૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૧૨/૨૦૨૨**

**સોલા હાઇકોર્ટઃ** નારાયણન એ.વી.કુનહીરામન નંબિયાર (ઉ.વ.૫૭)(રહે,આઇ.સી.બી. સીટી, વિશ્વકર્મા મંદિરની પાસે ગોતા) એ તા.૨૧/૦૬/૨૦૨૨ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૬/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે અજાણ્યા મોબાઇલ નંબર ૮૭૦૯૯૦૬૩૫૬ પરથી એક ટેકસ્ટ મેસેજ આવેલ જે મેસેજમા જણાવેલ મોબાઇલ નંબર ૭૦૦૪૮૫૦૧૬૭ ઉપર ફોન કરતા સામે પક્ષે અજાણી વ્યકિત સાથે વાતચીત ચાલુ હતી દરમ્યાન નારાયણન નાઓના મોબાઇલ ફોનમા આપોઆપ નેટ બેન્કિંગ ચાલુ થઈ ગયેલ તેમજ ફોન કટ કરવા છતા ફોન કટ થયેલ નહિ અને વાતચીત દરમ્યાન નારાયણન નાઓના એસ.બી.આઇ. બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૧૪,૮૯૯/- ઓનલાઇન ટ્રાન્સફર કરી લઇ નારાયણન સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.આર.વાઘેલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૧૩/૨૦૨૨**

**વાડજઃ** ચંન્દ્રપ્રકાશ સાગરમલજી સોની (ઉ.વ.૫૧)(રહે.મીનાકુંજ પુરાની જેલ રોડ ગુર્જરનો મહોલ્લો, બીકાનેર રાજસ્થાન હાલ રહે.સુર્યપુજા સોસાયટી ભીમજીપુરા નવાવાડજ) એ તા.૨૧/૦૬/૨૦૨૨ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૨૨ સાંજના ૬/૩૦ થી તા.૧૩/૦૬/૨૦૨૨ ના કલાક ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન  સિધ્ધપુર ખાતે આવેલ શ્રી જંમ્બેશ્વર હોટલ ખાતે પોતે મુસાફરી કરતા હતા એ RJ.27.PB.5509 ટ્રાવેલ્સની બસ ઉભી હતી દરમ્યાન ચંન્દ્રપ્રકાશ પોતાની બેગ બસમાં મુકી બાથરૂમ જવા નીચે ઉતરેલ હતા ત્યારે બે અજાણ્યા માણસો બસમાં ચડી, બસમાં મુકેલ ચંન્દ્રપકાશની બેગમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૩૮,૫૩,૮૫૦/- અને અનકટ ડાયમંડ કિંમત રૂપિયા ૨૧,૯૯,૧૧૦/- મળી કુલ રૂપિયા ૬૧,૭૩,૫૪૦/- મતાની ચોરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.સોનારા ચલાવે છે.

**પાલડીઃ** દીપ્તીબહેન તે રજનીકાંત બાબુલાલ શાહની વિધવા પત્ની (ઉ.વ.૬૦)(રહે,શાલીન ગ્લોરીયા અશોકનગર બસ સ્ટોપ પાસે, વિકાસ ગૃહ રોડ, પાલડી) એ તા.૨૧/૦૬/૨૦૨૨ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૪/૨૦૨૨ સવારના ૧૦/૩૦ થી તા.૨૦/૦૫/૨૦૨૨ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન દીપ્તીબહેનના ખુલ્લા ઘરમાંથી કોઇ અજાણી વ્યક્તિ ચાંદીના વાસણો, સિક્કા, પાયલ અને સોનાની ચુંક મળી કુલ રૂપિયા ૪,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે. હળવદીયા ચલાવે છે.

**બીજા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૧૪/૨૦૨૨**

**વેજલપુરઃ** નટવરભાઇ નાથાભાઇ પરમાર (ઉ.વ.૬૧)(ધંધોઃ-મજુરી)(રહેઃશ્રી શિવશક્તિનગર દરીયાપુર) તા.૨૧/૦૬/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે જુહાપુરા જુની ભાઠા સ્કુલની પાછળ અનશપાર્ક ખાતે સેન્ટીંગનું કામ કરતા હતા દરમ્યાન બીજા માળેથી નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે લાવતા સાંજના ૪/૪૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ નારૂભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૧૫/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** (૧) સીલવાન્સ સીરિલભાઇ ક્રિશ્ચિયન (ઉ.વ.૫૮)(રહે.વી.એસ.સ્ટાફ સોસાયટી, અવધ રેસીડેંન્સી ની સામે, જીવરાજ પાર્ક) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૬/૨૨ રાતના ૧૧/૫૫ વાગ્યાના સુમારે સાબરમતી નદીના પશ્ચીમ કિનારે એલિસબ્રિજ પાસે, રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર.૦૮ નજીક પોતાની જાતે સાબરમતી નદીમાં કુદી પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** (૨) પુષ્પાદેવી સિંકદર પ્રસાદ (ઉ.વ.૪૦)(રહે.મેઘરીયા બડગાંવ જી.ભોજપુર બિહાર) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૬/૨૨ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્ચીમ કિનારે એલિસબ્રિજ પાસે, મેટ્રો બ્રીજ પાસે આવેલ ઘાટ નંબર.૦૬ વોક-વે નજીક સાબરમતી નદીમાં ઝંપલાવી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી